# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-12-2024 Day: Saturday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહીચ્છા** વાંચે છે.

---

## ડો.મનમોહનસિંહ  અંતિમ યાત્રા:

પૂર્વ પ્રધાનમંત્રી ડૉ.મનમોહનસિંહની આજે  રાજકીય સન્માન સાથે અંતિમયાત્રા યોજાશે. તેમની અંતિમયાત્રા નવી દિલ્હીમાં કોંગ્રેસના મુખ્યાલયથી સવારે 9:30 વાગ્યે શરૂ થશે જે નિગમબોધ ઘાટ સ્મશાનભૂમિ જશે. ડૉ. મનમોહનસિંહના સવારે 11.45 વાગ્યે  રાષ્ટ્રીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. પાર્થિવ દેહને તેમના નિવાસસ્થાનથી કોંગ્રેસ કાર્યાલય લઈ જવામાં આવશે જ્યાં જનતા અને પક્ષના કાર્યકરો શ્રદ્ધાંજલિ અર્પણ કરશે.

દરમિયાન, ગઇકાલે કેન્દ્રીય મંત્રીમંડળે ડોક્ટર મનમોહન સિંહનાં નિધન બદલ બે મિનિટનું મૌન પાળીને શોક વ્યક્ત કરતો પ્રસ્તાવ પસાર કર્યો હતો. પ્રસ્તાવમાં જણાવવામાં આવ્યું હતું કે, મનમોહનસિંહનાં નિધનથી રાષ્ટ્રએ પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી અને અગ્રણી ગુમાવ્યા છે. ડોક્ટર મનમોહન સિંહને રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવશે. આજે કેન્દ્ર સરકાર અને જાહેર એકમોની કચેરીઓમાં રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવશે.

-----------------------------------------------------------------------------------

## પશ્ચિમ-કચ્છ પોલીસ બદલી:

પશ્ચિમ કચ્છના જિલ્લા પોલીસ વડા વિકાસ સુંડાએ અલગ અલગ પોલીસ મથકોમાં ફરજ બજાવતા એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ અને કોન્સ્ટેબલ સહિતના 189 પોલીસ કર્મચારીઓની આંતરિક બદલીના આદેશ કર્યા છે. પોલીસ અધિક્ષક કચેરીએથી વહીવટી કારણોસર બદલીના આદેશ કરવામાં આવ્યા છે. ઇન્ચાર્જ તરીકે પશ્ચિમ કચ્છનો ચાર્જ સંભાળ્યા બાદ ગૃહ વિભાગ દ્વારા એસપી વિકાસ સુંડાની કાયમી નિમણુક કરવામાં આવી હતી.જે બાદ પશ્ચિમ કચ્છના પોલીસ વિભાગમાં પ્રથમ વખત બદલીના આદેશો કરાયા છે.

-----------------------------------------------------------------------------------

## ભારતીય હવામાન:

ભારતીય હવામાન વિભાગે આજે દેશના કેટલાક રાજ્યોમાં વરસાદ પડવાની આગાહી કરી છે. મધ્યપ્રદેશમાં કરા સાથે વાવાઝોડાની સંભાવના વ્યક્ત કરાઇ છે. દિલ્હી, દક્ષિણપૂર્વ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં પણ વરસાદ પડવાની શક્યતાઓ છે.

હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઝારખંડમાં આગામી બેથી ત્રણ દિવસ સુધી મોડી રાત અને વહેલી સવાર દરમિયાન ગાઢ ધુમ્મસની સ્થિતિ પ્રવર્તે તેવી શક્યતા વ્યક્ત કરી છે.  આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ આગામી બે દિવસ સુધી આવી જ સ્થિતિ બની રહેવાની સંભાવના છે. ગઇકાલે કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં ફરીથી બરફવર્ષ શરૂ થઇ છે. શ્રીનગરમાં આ શિયાળાની પ્રથમ બરફવર્ષા થઇ છે.

---

## કચ્છ-હવામાન:

હવામાન વિભાગની આગાહી મુજબ અન્ય જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડ્યો છે પરંતુ કચ્છ પરથી માવઠારૂપી ઘાત ટળી ગઇ છે. જો કે, આવતીકાલે રવિવારથી કાતિલ ઠારની ધાર વધુ તેજ બનવાની સાથે પારો 2 થી 3 ડિગ્રી નીચે જવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

રાજ્યના શીત મથક ગણાતા નલિયામાં ગઈકાલે લઘુત્તમ ઉષ્ણતામાન 10.5 ડિગ્રી રહ્યુ હતો. ભુજમાં પણ લઘુત્તમ ઉષ્ણતામાન 11.8 ડિગ્રી અને કંડલા પોર્ટ મથકનું ઉષ્ણતામાન 14.2 નોંધાયું હતું.

---

## મગફળી વેંચાણ:

ભુજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં 558 ખેડૂતોએ 12.97 કરોડની 19.13 લાખ કિલો મગફળીનું ટેકાના ભાવે વેચાણ કર્યું હતું.સરકાર દ્વારા કિસાનોને તેમના પાકના પૂરતા ભાવ મળી રહે તે માટે ટેકાના ભાવે ખરીદી કરાતી હોય છે. તાજેતરમાં મગફળીનું ટેકાના ભાવે

વેચાણ કરવા માટે ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવી હતી, જેમાં ભુજ એપીએમસી ખાતે મગફળી વેચાણ માટે ભુજ તાલુકાના 810 ખેડૂતોએ ઓનલાઇન નોંધણી કરાવી હતી. ગઇકાલ સુધી નોંધાયેલા કિસાનોમાંથી 558 લોકોએ મગફળીનું વેચાણ કર્યું હતું.

---------------------------------------------------------------------------------------

## વણકરકામ એવોર્ડ:

સદીઓ જૂની કળાને સુરક્ષિત કરી વિશ્વની સામે તેમનું સાંસ્કૃતિક મહત્વ પ્રદર્શિત કરવા અને પોતાની કલા માટે પ્રકૃત્તિને હાની પહોંચાડ્યા વગર શ્રેષ્ઠ યોગદાન આપવા બદલ ભુજ તાલુકાના કોટાય ગામના મનસુખ વણકર અને તેમના ભાઇ પરેશ વણકરને હસ્તકલા ક્ષેત્રે કાલા કોટનમાં વિવિધ ડિઝાઇન બનાવી ઉત્કૃષ્ટ કામગીરી બદલ ઇંગ્લેન્ડનો ગ્લોબલ બુક ઓફ એક્સલેન્સનો એવોર્ડ આપવામાં આવ્યો છે. બન્ને ભાઇઓ વડીલોના પરંપરાગત વણાટકામના વારસાને આગળ ધપાવી રહ્યા છે. તેઓ કાલા કોટનમાંથી સાડી, દુપટ્ટા, શોલ, ફેબ્રીકની અવનવી ડિઝાઇન બનાવે છે.

---------------------------------------------------------------------------------------

## નારાયણ સરોવર સફાઈ અભિયાન:

નારાયણ સરોવર અને કોટેશ્વરમાં અદાણી ફાઉન્ડેશન અને અદાણી સિમેન્ટ દ્વારા ગઇકાલે સફાઇ અભિયાન હાથ ધરાયું હતું. આ અભિયાન અંતર્ગત નારાયણ સરોવરના મુખ્ય રસ્તા, ચોક તેમજ આજુબાજુના વિસ્તારમાંથી પ્લાસ્ટિક તેમજ અન્ય કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કોટેશ્વરમાં પણ સફાઇ અભિયાન હાથ ધરાયું હતું.

---------------------------------------------------------------------------------------